Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા

અલ્તાફ વાય. રાઠોડ

પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,શ્રી રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, પોરબંદર

(સારાંશ)

શિક્ષકે વર્ગખંડમાં સાંવેગિક રીતે જે ભૂમિકા ભજવવાની છે તેનાથી તે સભાન હોવો જોઈએ. સાંવેગિકતા એ અધ્યાપન કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ બની શકે છે. આથી, પ્રાથમિક શાળાઓના શિક્ષકો સાંવેગિક પરિપકવતાની બાબતમાં શી સ્થિતિ ધરાવે છે તે જાણવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા જાણવા માટે માપદંડની રચના કરી તેના પર જાતીયતા, શાળેય વિસ્તાર, તાલીમી લાયકાત અને શૈક્ષણિક અનુભવની અસર તપાસવાના હેતુઓ સાથે આ સંશોધન હાથ ધરાયું હતું. પોરબંદર જિલ્લાના ૩૦૦ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૫૩ અને ૧૪૭ હતી. માહિતી એકત્રીકરણ માટે સાંવેગિક પરિપકવતા માપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. સાંવેગિક પરિપકવતા માપદંડમાં ૩૦ વિધાનોની રચના કરવામાં આવી હતી. જે પૈકી ૨૦ વિધાનો હકારાત્મક અને ૧૦ વિધાનો નકારાત્મક સ્વરૂપના હતાં. માહિતી પૃથક્કરણ માટે ટી–ગુણોતરનો ઉપયોગ કરવામાં આવેલ.

સંશોધનને અંતે આ મુજબના તારણો મળ્યા હતાં.

૧. સાંવેગિક પરિપકવતા માપદંડ વિશ્વસનીયતા અને યથાર્થ સાબિત થયેલ.

૨. નમૂનામાં સમાવિષ્ટ મોટા ભાગના પાત્રોની સાંવેગિક પરિપકવતા ઉંચી જોવા મળી હતી.

૩. પુરુષ કરતા સ્ત્રી શિક્ષકો, શહેરી કરતા ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શિક્ષકો અને પીટીસી કરતા બી.એડ્.ની લાયકાત ધરાવતા શિક્ષકોની સાંવેગિક પરિપકવતા ઉંચી જોવા મળી હતી.

૪. પાંચ વર્ષ સુધીનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો અને પાંચ વર્ષથી વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા સમાન હતી.

સાંવેગિક પરિપકવતા એ શિક્ષકો માટેનું એક અનિવાર્ય લક્ષણ છે. આથી, સાંવેગિક પરિપકવતા વિકસાવવા અંગેની બાબત પર સવિશેષ ધ્યાન આપવું જરૂરી છે. સાંવેગિક પરિપકવતા વિકસાવવા માટે યોગ્ય ઉપાયો વિચારી તેમને અમલી બનાવવાનું જરૂરી જણાય છે.

**ચાવીરૂપ શબ્દો** :- સાંવેગિક પરિપક્વતા, શિક્ષણ, શિક્ષકો, પ્રાથમિક શાળા

## પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા

### ૧.૦ પ્રાસ્તાવિક

શિક્ષણ એ આજના યુગની જરૂરિયાત છે. તે સતત ચાલતી પ્રક્રિયા છે. દરેક વ્યકિત માટે શિક્ષણની અનિવાર્યતા વધી ગઈ છે. શિક્ષણ દ્વારા વ્યકિતના વર્તનમાં પરિવર્તન લાવી શકાય છે. શિક્ષણની પ્રક્રિયાનો આધારસ્તંભ શિક્ષક છે. શિક્ષકના વર્તનની વિદ્યાર્થીઓના માનસ પર ઉડી અસર પડતી હોય છે. આથી, શિક્ષકનું વર્તન એક પરિપકવ વ્યકિતને છાજે તે પ્રકારનું હોવું જોઈએ. શિક્ષકનું વર્ગખંડમાનું વર્તન વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ હોય છે. આથી, શિક્ષકે પોતાના સંવેગો કે આવેગો પર નિયંત્રણ રાખવું જરૂરી છે. ટૂંકમાં શિક્ષક સાંવેગિક રીતે પરિપકવ હોવો જોઈએ. ડે (૨૦૦૪) જણાવે છે કે શિક્ષકે વર્ગખંડમાં સાંવેગિક રીતે જે ભૂમિકા ભજવવાની છે તેનાથી તે સભાન હોવો જોઈએ. સાંવેગિકતા એ અધ્યાપન કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ બની શકે છે. આથી, પ્રાથમિક શાળાઓના શિક્ષકો સાંવેગિક પરિપકવતાની બાબતમાં શી સ્થિતિ ધરાવે છે તે જાણવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

### ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ મુજબ હતા.

૧. પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા જાણવા માટે માપદંડની રચના અને પ્રમાણીકરણ કરવું.

૨. પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતાનો અભ્યાસ કરવો.

૩. પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા પર તેઓની જાતીયતા, શાળેય વિસ્તાર, તાલીમી લાયકાત અને શૈક્ષણિક અનુભવની અસર તપાસવી.

### ૩.૦ અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ મુજબ હતીઃ

૧. પ્રાથમિક શાળાઓના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના સાંવેગિક પરિપકવતા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના સાંવેગિક પરિપકવતા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩. પીટીસી અને બી.એડ્.ની તાલીમી લાયકાત ધરાવતા પ્રાથમિક શાળાઓના શિક્ષકોના સાંવેગિક પરિપકવતા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૪. પ્રાથમિક શાળાઓનો પાંચ વર્ષ સુધીનો અને પાંચ વર્ષથી વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના સાંવેગિક પરિપકવતા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૪.૦ વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ પોરબંદર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–'૧૨ દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકો હતા. વ્યાપવિશ્વમાંથી સ્તરીકૃત યાચ્છિક નમૂના પસંદગી પ્રયુકિત દ્વારા ૩૦૦ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી પુરુષ અને સ્ત્રી શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૫૩ અને ૧૪૭ હતી.

## ૫.૦ ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે સાંવેગિક પરિપકવતા માપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપકરણની રચના સંશોધકે જાતે જ કરી હતી. સાંવેગિક પરિપકવતા માપદંડમાં ૩૦ વિધાનોની રચના કરવામાં આવી હતી. જે પૈકી ૨૦ વિધાનો હકારાત્મક અને ૧૦ વિધાનો નકારાત્મક સ્વરૂપના હતાં.

## ૬.૦ માહિતી પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં રચેલ ઉત્કલ્પનાઓની ચકાસણી ટી–ગુણોતરના આધારે કરવામાં આવી હતી. ઉત્કલ્પનાઓની ચકાસણીના અંતે પ્રાપ્ત થયેલ પરિણામો સારણી–૧માં દર્શાવેલ છે.

**સારણી : ૧**

**જાતીયતા, શાળેય વિસ્તાર, તાલીમી લાયકાત અને શૈક્ષણિક અનુભવ સંદર્ભે સાંવેગિક પરિપકવતા સરેરાશાંકોના તફાવતની સાર્થકતા**

| ચલ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | 'ટી'મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| જાતીયતા | પુરુષ | ૧૫૩ | ૯૦.૫૨૨ | ૧૫.૫૫૯ | ૨.૧૯૪ | ૦.૦૫ કક્ષાએ સાર્થક |
| | સ્ત્રી | ૧૪૭ | ૯૫.૩૧૨ | ૧૭.૧૬૯ | | |
| શાળેય વિસ્તાર | ગ્રામ્ય | ૧૩૬ | ૧૧૨.૬૬૬ | ૧૭.૧૯૬ | ૮.૦૭૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| | શહેરી | ૧૬૪ | ૮૮.૫૦૦ | ૧૩.૯૫૬ | | |
| તાલીમી લાયકાત | પીટીસી | ૨૧૨ | ૮૯.૪૭૧ | ૧૪.૪૬૦ | ૨.૮૪૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| | બી.એડ. | ૮૮ | ૯૬.૦૪૫ | ૧૯.૫૫૬ | | |
| શૈક્ષણિક અનુભવ | પાંચ વર્ષ સુધીનો | ૧૫૨ | ૯૦.૭૭૬ | ૧૫.૭૭૯ | ૦.૬૬૮ | સાર્થક નથી |
| | પાંચ વર્ષ વધુનો | ૧૪૮ | ૯૨.૦૪૦ | ૧૬.૯૭૬ | | |

સારણી : ૧ પરથી જોઈ શકાય છે કે જાતીયતા સંદર્ભે 'ટી–ગુણોતર'નું મૂલ્ય ૨.૧૯૪ મળ્યું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક માલૂમ પડયું હતું. આથી, ઉત્કલ્પના–૧નો અસ્વીકાર થયો હતો. શાળેય વિસ્તાર સંદર્ભે 'ટી–ગુણોતર'નું મૂલ્ય ૮.૦૭૭ મળ્યું હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક માલૂમ પડયું હતું. આથી, ઉત્કલ્પના–૨ નો અસ્વીકાર થયો હતો. તાલીમી લાયકાત સંદર્ભે 'ટી–ગુણોતર'નું મૂલ્ય ૨.૮૪૭ મળ્યું હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક માલૂમ પડયું હતું. આથી, ઉત્કલ્પના–૩નો અસ્વીકાર થયો હતો. શૈક્ષણિક અનુભવ સંદર્ભે 'ટી–ગુણોતર'નું મૂલ્ય ૦.૬૬૮ મળ્યું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક માલૂમ પડયું ન હતું. આથી, ઉત્કલ્પના–૪નો અસ્વીકાર થયો ન હતો.

**૭.૦ અભ્યાસના તારણો**

પ્રસ્તુત અભ્યાસમાં આ મુજબના તારણો મળ્યા હતાં.

૧. સાંવેગિક પરિપકવતા માપદંડની વિશ્વસનીયતાનો આંક ક્રોનબેક આલ્ફા પદ્ધતિ અને અર્ધવિચ્છેદન પદ્ધતિએ અનુક્રમે ૦.૭૨ અને ૦.૮૮ મળ્યો હતો. આથી, કહી શકાય કે સાંવેગિક પરિપકવતા માપદંડની વિશ્વસનીયતા પ્રમાણમાં ઊંચી જોવા મળી હતી.

૨. સાંવેગિક પરિપકવતા માપદંડની યથાર્થતા માટેના કિલફ્સના સાતત્ય આંક 'સી'નું મૂલ્ય ૦.૪૪ મળ્યું હતું. આથી, કહી શકાય કે સાંવેગિક પરિપકવતા માપદંડ યથાર્થતા યોગ્ય માલૂમ પડી હતી.

૩. સાંવેગિક પરિપકવતા માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અને વિષમતાનું મૂલ્ય અનુક્રમે ૯૧.૪૦ અને –૦.૯૩૫ મળ્યું હતું. અહીં વિષમતાનું મૂલ્ય ઋણ હોવાથી કહી શકાય કે નમૂનામાં સમાવિષ્ટ મોટા ભાગના પાત્રોની સાંવેગિક પરિપકવતા ઉચી જોવા મળી હતી.

૪. પુરૂષ કરતા સ્ત્રી શિક્ષકોની સાંવેગિક પરિપકવતા ઉચી જોવા મળી હતી.

૫. શહેરી કરતા ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા ઉચી જોવા મળી હતી.

૬. પીટીસી કરતા બી.એડ્ ની લાયકાત ધરાવતા શિક્ષકોની સાંવેગિક પરિપકવતા ઉચી જોવા મળી હતી.

૭. પાંચ વર્ષ સુધીનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો અને પાંચ વર્ષથી વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા સમાન હતી.

**૮.૦ શૈક્ષણિક ફલિતાર્થો**

સાંવેગિક પરિપકવતા એ શિક્ષકો માટેનું એક અનિવાર્ય લક્ષણ છે. આથી, સાંવેગિક પરિપકવતા વિકસાવવા અંગેની બાબત પર સવિશેષ ધ્યાન આપવું જરૂરી છે. પ્રસ્તુત અભ્યાસના તારણો તપાસતાં માલૂમ પડે છે કે પુરૂષ શિક્ષકો, પીટીસીની લાયકાત ધરાવતા

શિક્ષકો અને શહેરી વિસ્તારની શાળાઓના શિક્ષકોની સાંવેગિક પરિપકવતા ઓછી જોવા મળી હતી. આથી, આ શિક્ષકોની સાંવેગિક પરિપકવતા વિકસાવવા માટે યોગ્ય ઉપાયો વિચારી તેમને અમલી બનાવવાનું જરૂરી જણાય છે.

## ૯.૦ સંદર્ભ સૂચિ


ઉચાટ,ડી.એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર. રાજકોટ : લેખક.

ઉચાટ,ડી.એ. અને અન્યો (૧૯૯૮). સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ : નિજ્જિન સાયકો સેન્ટર.

મહેતા, આર.બી. (૨૦૧૧). સૌરાષ્ટ્ર વિસ્તારની માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપન ક્ષમતા, વ્યાવસાયિક પ્રતિબદ્ધતા અને સાંવેગિક પરિપકવતાનો અભ્યાસ. અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ